# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

**1)** **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું - આજે, પૂર્વોત્તર અને જમ્મુ અને કાશ્મીર વિકાસ અને શાંતિના માર્ગ પર આગળ વધી રહ્યા છે.**

**2)** **બિહારમાં વધુ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન અને ચાર નવી પેસેન્જર ટ્રેન દોડશે.**

**3)** **ચૂંટણી પંચ,દેશમાં આગામી વિધાનસભા ચૂંટણી અને પેટા ચૂંટણીઓ માટે 320 IAS અને 60 IPS કેન્દ્રીય નિરીક્ષકોની નિયુક્ત કરશે.**

**4)** **અમેરિકાના મિશિગનમાં એક પૂર્વ યુએસ મરીન સૈનિકે ચર્ચમાં અંધાધૂંધ ગોળીબાર કરીને ઇમારતને આગ ચાંપતા ચારના મોત.**

**5)** **એશિયા કપ ટી-20 ક્રિકેટમાં પાકિસ્તાન સામે ભારતના થયેલા વિજયને દેશભરમાં લોકોએ મોડી રાત સુધી વધાવીને જીતની ઉજવણી કરી**

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આજે, પૂર્વોત્તર અને જમ્મુ અને કાશ્મીર વિકાસ અને શાંતિના માર્ગ પર આગળ વધી રહ્યા છે.

તેઓ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિખર સંમેલન 'નક્સલ મુક્ત ભારત: શ્રી મોદીના નેતૃત્વ હેઠળ લાલ આતંકનો અંત' ના સમાપન સત્રમાં બોલી રહ્યા હતા. શ્રી શાહે જણાવ્યું હતું કે સરકારે ત્રણ મુખ્ય સ્તંભો- સંવાદ, સુરક્ષા અને સંકલન - પર કામ કર્યું છે જેના કારણે 2004થી 2014ના દાયકાની તુલનામાં 2014 થી 2024 દરમિયાન પૂર્વોત્તરમાં સુરક્ષા કર્મચારીઓના મૃત્યુમાં 70 ટકાનો ઘટાડો થયો છે. આ જ સમયગાળા દરમિયાન આ ક્ષેત્રમાં હિંસાને કારણે નાગરિકોના મૃત્યુમાં પણ 85 ટકાનો ઘટાડો થયો છે.

# BIHAR TRAIN

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આજે પટના જંકશનથી બિહારને વધુ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન અને ચાર પેસેન્જર ટ્રેનની શરૂઆત કરાવશે.

આ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન મુઝફ્ફરપુરથી ચારલાપલ્લી, દરભંગાથી મદાર જંકશન અને છાપરાથી આનંદ વિહાર ટર્મિનલને જોડશે.અમૃત ભારત એક્સપ્રેસ હાલમાં દેશભરમાં 12 સેવાઓ ચલાવે છે, જેમાંથી 10 બિહારથી ચાલે છે. વધુ ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોના લોન્ચ સાથે, અમૃત ભારત ટ્રેનોની કુલ સંખ્યા 15 થઈ જશે.

ઉપરાંત, ચાર નવી પેસેન્જર ટ્રેન નવાદા, ઇસ્લામપુર, બક્સર અને ઝાઝા સહિતના મુખ્ય શહેરોને જોડે છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ત્રણ નવી ટ્રેન સાથે, બિહાર રાજ્યની કનેક્ટિવિટીમાં વધુ સુધારો થશે, જે વિકસિત બિહાર દ્વારા વિકસિત ભારતના વિઝનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# ELECTION COMMISSION OF INDIA

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ દેશના વિવિધ રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી અને પેટા ચૂંટણીઓ માટે 320 IAS અને 60 IPS અધિકારીઓ સહિત કુલ 470 અધિકારીઓને કેન્દ્રીય નિરીક્ષકો તરીકે તૈનાત કરવામાં આવશે.

તેઓ દરેક મતવિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે અને જરૂરી સુધારા માટેના મત વિસ્તારને ઓળખી સુધારની કાર્યની ભલામણો કરશે.

ECIએ જણાવ્યું કે નિરીક્ષકો માત્ર મુક્ત, ન્યાયી, પારદર્શક અને સમાવિષ્ટ ચૂંટણીઓ યોજવાના તેના બંધારણીય આદેશને પૂર્ણ કરવામાં ચૂંટણી પેનલને મદદ કરશે નહીં પરંતુ મતદારોની જાગૃતિ અને ચૂંટણીમાં ભાગીદારી વધારવામાં પણ ફાળો આપશે.

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ અને વિવિધ રાજ્યોના આઠ વિધાનસભા મતવિસ્તારોમાં પેટા ચૂંટણીઓ માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂકની જાહેરાત કરી છે. આ નિરીક્ષકોમાં જનરલ, પોલીસ અને ખર્ચ નિરીક્ષકોનો સમાવેશ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BJP OFFICE INAUGURATION

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે નવું કાર્યાલય ફક્ત કાર્યસ્થળ નથી પરંતુ મૂલ્યોનું કેન્દ્ર છે જ્યાં કાર્યકરોમાં પાર્ટીની સંસ્કૃતિ અને ભાવનાનું પોષણ થાય છે.**

**આ ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, વરિષ્ઠ નેતાઓ, સાંસદો, ધારાસભ્યો, કાઉન્સિલરો, કેન્દ્રીય મંત્રીઓ અને હજારો પાર્ટી કાર્યકર્તાઓ પણ હાજર રહેશે.**

# CM ASIAN AQUATIC

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતનાં અમદાવાદ ખાતે ૧૧મી એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, ગુજરાતનાં રમતવીરોને શ્રેષ્ઠ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

તેમણે ઉમેર્યુ કે છેલ્લા બે વર્ષમાં વિવિધ યોજનાઓમાંથી આંતરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતના ૭૩ ખેલાડીઓએ ૩૮ ગોલ્ડ, ૫૪ સિલ્વર અને ૪૬ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં બોલતા તેમણે ઉમર્યું હતું કે છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતના સ્પોર્ટ્સ સેક્ટરનું પરિદૃશ્ય સંપૂર્ણપણે બદલાયું છે.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે ...

(બાઇટ- હર્ષ સંઘવી, રમતગમત રાજ્યમંત્રી)

મુખ્યમંત્રીએ ૨૦૦ મીટર ફ્રી સ્ટાઇલ સ્પર્ધાના વિજેતાઓને મુખ્યમંત્રીના હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ચેમ્પિયનશીપ 11 ઓક્ટોબર સુધી યોજાશે.

# US SHOOTING

મિશિગનમાં એક ભૂતપૂર્વ યુએસ મરીન સૈનિકે મોર્મોન ચર્ચમાં પોતાનું વાહન અથડાવીને, અંધાધૂંધ ગોળીબાર કરીને ઇમારતને આગ ચાંપી દીધી, જેમાં ચાર લોકો માર્યા ગયા અને આઠ અન્ય ઘાયલ થયા.

મિશિગનના બર્ટનના રહેવાસી થોમસ જેકબ સેનફોર્ડે આ ગોળીબાર કર્યો હોવાનું બહાર આવ્યું હતું. તે ઇરાક યુદ્ધમાં પણ સામેલ હતો. પોલીસના જણાવ્યા અનુસાર ચર્ચામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પ્રાર્થના કરી રહ્યાં હતાં ત્યારે જ તેણે હુમલો કર્યો હતો.

હુમલા દરમિયાન બે પીડિતોને ગોળી મારી દેવામાં આવી હતી, અને બળી ગયેલા ચર્ચના પાછળના ભાગમાંથી બે વધુ મૃતદેહ મળી આવ્યા હતા. હજુ પણ કેટલાંક લોકો ગુમ હોવાનું પોલીસ કહી રહી છે.. જોકે હુમલાખોરને પોલીસે ઠાર કરી દીધો હતો.

# ASIA CUP

ભારતે એશિયા કપની ફાઇનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવી શાનદાર વિજય મેળવ્યો.

દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારતે પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવીને નવમો એશિયા કપ જીત્યો, જેમાં તિલક વર્માની રમત નિર્ણાયક સાબિત થઈ.

સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ..

(VOICE CAST: ASIA CUP)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દુબઈમાં એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને અભિનંદન આપ્યા છે

પ્રધાન નરેન્દ્ર મોદીએ એશિયા કપમાં ભારત-પાકિસ્તાન ફાઇનલની તુલના ઓપરેશન સિંદૂર સાથે કરી છે, અને કહ્યું છે કે પરિણામ એ જ રહ્યું અને ભારત જીત્યું.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ લખ્યું છે કે, રમતના મેદાન પર ઓપરેશન સિંદૂર. પરિણામ એ જ છે - ભારત જીતે છે!

આપણા ક્રિકેટરોને અભિનંદન. દરમિયાન, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પણ દુબઈમાં એશિયા કપ ફાઇનલમાં પાકિસ્તાન પર ભારતની પાંચ વિકેટની જોરદાર જીતની ઉજવણી કરી, તેને મેદાનની અંદર અને બહાર એક શક્તિશાળી નિવેદન ગણાવ્યું.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- મહારાષ્ટ્રમાં વરસાદ અને એશિયા કપમાં ભારતના વિજયના સમાચારને તમામ અખબારોએ મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચારની હેડ લાઈન છે એશિયા કપમાં ભારતને વિજય તિલક: પાકનો સફાયો
- નવગુજરાત સમયની હેડ લાઈન છે પાકિસ્તાનને રગદોળી દશેરા પૂર્વે ભારતનું વિજય તિલક
- દિવ્યભાસ્કરની હેડલાઈન છે સીરીઝમાં એક પણ મેચ હાર્યા વિના ભારત પાકને હરાવી એશિયા કપમાં ચેમ્પિયન સિંદૂરનું તિલક
- સંદેશનું મુખ્ય મથાળું છે મુંબઈમાં મુશળધાર બધું જળબંબાકાર: નાશિકમાં ગોદાવરી નદીમાં ઘોડાપૂર
- નવગુજરાત સમયની અન્ય હેલ્પલાઇન છે મહારાષ્ટ્રમાં ભારે વરસાદમાં દસ લોકોના મોત: દુકાળગ્રસ્ત ગણાતા મરાઠવાળામાં જળ પ્રલય
- સંદેશની અન્ય હેડલાઈન છે **loc** પર બે આતંકવાદી ઠાર પાકની ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ નિષ્ફળ
- સ્થાનિક સમાચારોમાં. રાજ્યભરમાં વરસાદના કારણે ગરબા રદ-ખેલૈયાઓ નિરાશ.. નર્મદા ડેમ છલકાવવાની સ્થિતિએ. ગુજરાતના **206** માંથી **147** જળાશયો હાઈ એલર્ટ હેઠળ. અમરેલી એરપોર્ટમાં મીની પ્લેન લેન્ડિંગ દરમિયાન રેલવેની સાઈડમાં સરકી ગયું. ગુજરાતી યુનિવર્સિટીના યુજી પીજી ના ઓનલાઇન કોર્સની ફીનું માળખું જાહેર કરાયુ જેવા વિવિધ સમાચારોને સ્થાન અપાયું છે